# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-03-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BALVANTSINH VIDHANSABHA

ધોલેરા વિશેષ રોકાણ પ્રદેશ SIR ખાતે અત્યાર સુધીમાં 35 હજાર 984 કરોડ રૂપિયાથી વધુનું રોકાણ થયું છે. વિધાનસભામાં અમદાવાદ જિલ્લાના ધોલેરા વિશેષ રોકાણ પ્રદેશ-SIRની વિકાસ કામગીરી અંગે પ્રત્યુત્તર આપતાં ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વેની કામગીરી જૂન, ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરાશે. શ્રી રાજપૂતે ઉમેર્યું કે 110 કિલોમીટરનો એક્સપ્રેસ વે તૈયાર થતાં અમદાવાદથી ધોલેરા માત્ર 50 મિનિટમાં પહોંચી શકાશે.

# VIDHANSABHA

ગુજરાત વિધાનસભામાં ઉદ્યોગ, શ્રમ કૌશલ્ય વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગના પ્રશ્નોની ચર્ચા થઈ રહી છે. ત્યારબાદ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માંગણીઓ ઉપર ચર્ચા કરાશે.

સવારે ગૃહમાં રાજ્ય કક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિનો પ્રશ્ન અંગે ચર્ચા થઈ. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે વધુ બેઠકો બોલાવવા સૂચના કર્યું હતું. જેના જવાબમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે બેઠકમાં ધારાસભ્યની હાજરી જરૂરી હોય છે, બેઠક અંગે સરકાર દ્વારા ટેલિફોનથી પણ માહિતગાર કરવામાં આવે છે.

# DGP VIKAS SAHAY

રાજ્યની પોલીસે 100 કલાકમાં 8 હજાર 374 અસામાજિક તત્વોની યાદી તૈયાર કરી છે. જેમાં 3 હજારથી વધુ બૂટલેગર, 68 ભૂમાફિયા પણ સામેલ છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું કે આ તમામ લોકો સામે કડક કાર્યવાહી કરાશે.

(બાઇટ: વિકાસ સહાય – DGP)

# CHOTA UDEPUR HIGHWAY

છોટાઉદેપુરના સાંસદ જશુ રાઠવાએ ફેરકુવાથી બોડેલી હાઇવે અને બોડેલી થઈને જાંબુઘોડા પાવાગઢ નેશનલ હાઈવેને ચાર માર્ગીય કરવા  કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીને રજૂઆત કરી. આ બંને માર્ગો ગુજરાત અને મધ્યપ્રદેશ વચ્ચેના વાહન વ્યવહાર માટેના મુખ્ય માર્ગો છે. આ બંને હાઇવે ચાર માર્ગીય થવાથી ટ્રાફિકમાં સરળતા વધશે અને અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થશે,  સાથે જ સ્થાનિક અર્થતંત્રને પણ વેગ મળશે.

# MEHSANA BUDGET

**મહેસાણા જિલ્લા પંચાયતમાં પ્રમુખ તૃષા પટેલના અધ્યક્ષસ્થાને 2 હજાર 50 કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કરાયું હતું. જેમાં શિક્ષણ, આરોગ્ય, ખેતીવાદી, સમાજ કલ્યાણ માટે 27 લાખ 78 હજાર રૂપિયાનો અંદાજ મુકાયો છે. જિલ્લા પંચાયતના સભ્ય દીઠ 11 લાખ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરાઈ છે.**

# GEER FOREST DAY

રાજ્યના સૌથી મોટા ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં વન દિવસની ઉજવણી કરાઇ હતી. જે અંતર્ગત શાળાઓમાં ચિત્ર સ્પર્ધા વકૃત્વ સ્પર્ધા, સ્લાઈડ શો અને દસ્તાવેજી ફિલ્મ થકી વન્ય સૃષ્ટિના જતન માટે વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા હતા. આ અંગે નાયબ વન સંરક્ષક પ્રશાંતકુમાર તોમરે વનનું મહત્વ સમજાવતા વધુ માહિતી આપી.

(બાઇટ: પ્રશાંતકુમાર તોમર- નાયબ વન સંરક્ષક)

# WORLD FOREST DAY

ડાંગ જિલ્લામાં પણ વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અમારાં ડાંગના પ્રતનિધિ મુનિરા શેખના જણાવ્યા પ્રમાણે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સહિત સુબીર તાલુકાના અનેક રેંજોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક શાળાના બાળકો અને વન વિભાગના કર્મચારીઓએ રેલી યોજીને વન બચાવવા અને વનના જતન અને સંવર્ધનના બેનરો સાથે સૂત્રોચાર કર્યા હતા.

# BHUJ-RAJKOT TRAIN

કચ્છ-સૌરાષ્ટ્રને જોડતી ભુજ-રાજકોટ ટ્રેન સેવાનો આજથી આરંભ થયો છે. આજે વહેલી સવારે કચ્છ મુસાફર મંડળ અને રેલવે વિસ્તરણ સમિતિના અગ્રણીઓએ નવી ટ્રેન સેવાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. હાલ આ સેવા ત્રણ મહિના સુધી ચાલશે. સમિતિનાં અગ્રણીએ આ સેવા ભવિષ્યમાં દ્વારકા સુધી લંબાવવામાં આવશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# INDIA-2030 CWG BID

ભારતે ૨૦30 માં ગુજરાતમાં રાષ્ટ્ર મંડળ રમતોનું આયોજન કરવા માટે બોલી લગાવી છે. કોમનવેલ્થ ગેમ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ પીટી ઉષાના નેતૃત્વમાં આ માટે અમદાવાદની પસંદગી કરવામાં આવી છે.

પીટી ઉષાએ કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશન દ્વારા ભારતનો પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો હોવાનું કહ્યું હતું. તેમણે ૨૦૨૩ આઈસીસી મેન્સ ક્રિકેટ વિશ્વ કપની ફાઇનલ મેચ અને તાજેતરના કોલ્ડપ્લે કોન્સર્ટને ટાંકીને મોટા પાયે ઇવેન્ટ્સનું આયોજન કરવામાં અમદાવાદની ક્ષમતા હોવાનું જણાવ્યું હતું.

# GANDHINAGAR JILLA POLICE

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા હથિયારો સાથે સોશિયલ મીડિયામાં ખોટો પ્રભાવ ઊભો કરતાં લોકો સામે કાર્યવાહી કરવા એક વોટ્સ અપ નંબર જાહેર કરવામાં આવ્યો છે. 99784 05968 નંબર ઉપર આવા લોકોની જાણ પોલીસને કરી શકાશે. જિલ્લા પોલીસ દ્વારા જાણ કરનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે તેમ જણાવાયું છે.

# DAMAN BETHAK

કેન્દ્ર શાસિત દમણ-દીવના શિક્ષણ સચિવ ટી. અરૂણની અધ્યક્ષતામાં દાદરા નગર હવેલી અને દમણ જિલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓની બેઠક નાની દમણ સચિવાલય અને સેલવાસ ખાતે યોજાઇ હતી. આ પ્રસંગે શિક્ષણ સચિવે જણાવ્યું હતું કે, 2026 સુધી સમગ્ર પ્રદેશને સો ટકા સાક્ષર કરવાનું લક્ષ્યાંક છે. અશિક્ષિત વયસ્કો માટે શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવી અને ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં શિક્ષણ પ્રત્યે પ્રૌઢ વ્યક્તિઓમાં જાગૃતિ વધારવા તેમને પ્રોત્સાહિત કરવા પ્રૌઢ શિક્ષણ કેન્દ્રની સ્થાપના માટે પણ સમજ આપી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)